# પાલનપુરની હનુમાન શેરીમાં માથાભારે મહીલાથી સ્થાનિક રહીશો ત્રાહીમામ

## ગત મોડી રાત્રે પણ સ્થાનિક રહીશો અને માથાભારે મહીલા આમને -સામને આવી જતા વાતાવરણ તંગ બનતા પોલીસ દોડી આવી માંડ મામલો થાળે પાડયો

પાલનપુર શહેરમાં હત્તાના હડમાલામાં વ્યસ્ત પોલીસના આંખમિચાંમણાને પગલે શહેરમાં દારૂ-જુગાર અને ચોરી-ચકારીની સાથે જાહેરમાં ધોળેદહાડે થતી મારામારીઓની વધતી જતી ઘટનાઓ વચ્ચે અસામાજીક તત્વોને મોકળું મેદાન મળ્યું હોવાની બુમરાણ મચી છે. ત્યારે શહેરના શાંતિપ્રિય નાગરીકોને તેમની સલામતીની ચિંતા સતાવી રહી હોવાની પ્રતીતી કરાવતા એક બનાવમાં પાલનપુર શહેરની હનુમાન શેરીમાં અનૈતિક ધંધા કરનારી મહીલાઓ સ્થાનીક રહીશોને ડરાવી-ધમકાવી રહી હોવા છતાં પોલીસ મુકપ્રેક્ષક બની બેસી રહેતા લોકોમાં ફફડાટની લાગણી વ્યાપી જવા પામી છે.

ગતરોજ જીલ્લા પોલીસ વડાને સંબોધીને હનુમાન શેરીના સ્થાનીક રહીશોએ કરેલી લેખિત રજુઆત મુજબ, પાલનપુર શહેરની હનુમાન શેરીમાં વર્ષાબેન નાઈ, પારૂબેન અને દીપીકાબેન નામની મહીલાઓ રહેણાંક વિસ્તારમાં અનીતીનું ધામ ચલાવી રહી છે. બહારથી યુવતીઓ લાવીને ચલાવાતા દેહના સોદા સહીતની અનૈતિક પ્રવૃતિઓને પગલે અમાજીક તત્વો પણ આ વિસ્તારમાં અડીંગો જમાવી પડયા પાથર્યા રહેતા હોઈ સ્થાનીક રહીશોની બેન-દીકરીઓની છેડતી અને મજાક-મશ્કરી સહીતના બનાવો પણ વધતા જાય છે. જેની સીધી અસર બાળમાનસ પર વર્તાઈ રહી છે. ત્યારે સ્થાનીક રહીશોએ નછુટકે બાંયો ચડાવતા જીલ્લા પોલીસવડાને ગતરોજ આવેદનપત્ર સુપ્રત કર્યુ હતું. જોકે, આવેદનપત્ર પાઠવ્યા બાદ આ મહીલા વધુ વીફરી હતી અને મોડી રાતે તેણે મહોલ્લો માથે લઈ ખુલ્લેઆમ અપશબ્દોનો વરસાદ વરસાવતા ભારે તંગદીલી છવાઈ ગઈ હતી. જેની જાણ પોલીસને કરાતા પોલીસ આ માથાભારે મહીલાને પકડીને લઈ ગઈ હતી. બાદમાં અકળ કારણોસર તેને છોડી મુકાઈ હતી. જેથી ઘરે પરત ફરતા જ આ માથાભારે મહીલાએ સ્થાનીક રહીશોનો ઉધડો લેતી હોય તેમ હંગામા પર ઉતરી આવી જાતે બળી મારવાનું ત્રાંગુ કરી પોલીસને ઉપર સુધી પોતે હપ્તા પહોંચાડતી હોઈ પોલીસ પોતાના ખિસ્સામાં હોવાના હાકાટો-પડકારા કરતા રાત્રે બાર વાગ્યા સુધી મહોલ્લાના ૧૫૦થી વધુ લોકોનું ટોળું એકત્ર થઈ જતા ભારે તમાશો થયો હતો. જોકે, ત્રાગુ કરી રહેલી મહીલાનો સામનો કરવામાં સ્થાનીક રહીશો સહીત પોલીસ પણ ઉણી ઉતરતા અંતે મોડી રાત્રે બે મહીલા પોલીસ કોન્સ્ટેબલને બોલાવી માંડ મામલો થાળે પાડવાનો પ્રયાસ કરાયો હતો.આમ, મોડી રાત સુધી હનુમાન શેરી સહીતના આસપાસના રહીશો અને માથાભારે મહીલા વચ્ચેના ઘર્ષણ બાદ મામલો બીચકે તેવી ભીતી સેવાતી હોવા છતાં કોઈ જવાબદાર પોલીસ અધિકારીએ ઘટનાસ્થળે ફરકવાનું મુનાસિબ માન્યુ ન હતું. જેથી મોડી રાત સુધી રાતજગો કરનાર સ્થાનીક રહીશોમાં ભયનું લખલખું પ્રસરી જવા પામ્યું હતું.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# મોડાસામાં ડેન્ગ્યુના કેસનો આંકડો ૬ પર પહોચ્યો : નગરજનોમાં ચિંતાનો માહોલ

મોડાસા, તા.૨૦

છેલ્લા કેટલાય દિવસથી મેધરાજાએ વિરામ લીધા બાદ રોગચાળાએ માથુ ઉચકયુ છે ત્યારે વાયરલ ફિવરના રોગોથી મોડાસા ના દવાખાનાઓ પહેલે થી જ દર્દીઓથી ઉભરાયેલા છે.

ત્યારે ગઈકાલે મોડાસા શહરેમાં ડેન્ગ્યુના ૩ કેસ પોઝેટીવ આવતા મોડાસા નગરજનોમાં ફફળાટ યાપી ગયો છે. ત્યારે આરોગ્ય વિભાગે પણ તકેદારીના પગલાના ભાગરૂપે જગ્યા એ દવાઓનો છંટકાવ તેમજ ફોગીગની પણ કામગીરીર શરૂ કરી દેવામાં આવી છે ત્યારે આજે ફરીથી બીજા ત્રણ ડેન્ગ્યુના કેસ નોધાતા જીલ્લા વાસીઓમાં ચીતાનુ મોજુ ફરી વળ્યુ છે.

આ દર્દીઓના લોહીના નમુનાનુ પરીક્ષણ કરાયા પછી તેમાંના બીજા ત્રણ કેસ પણ પોઝેટીવ આવ્યા હતા. વરસાદી પાણી ભરાવાથી મરછરોના ઉપદ્રવ વધી ગયેલો હોવાને કારણે ડેન્ગ્યુ જેવા ભયાનક રોગે માથુ ઉચકતા લોકોમાં ફફળાટ વ્યાપી જવા પામ્યો છે.

# આજે હિંમતનગર ખાતે ગરીબ કલ્યાણ મેળો યોજાશે

હિંમતનગર, તા. ૨૦

હિંમતનગરરાજય સરકારના -જાકીય હેતુલક્ષી અભિગમ મુજબ ગરીબોને યોજનાકીય સહાય હાથો હાથ મળી રહે તે આશયથી આજે તા. ૨૧/૦૯/૨૦૧૪ શનિવારના સવારના ૧૦ કલાકે સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરા ઉપસથિતિમાં નવા માર્કેટ યાર્ડ, ખેડ તસીયા રોડ ખાતે ગરીબ કલ્યાણ મેળો યોજાશે.

સાબરકાંઠાના હિંમતનગર ખાતે -ાંતકક્ષાનો ગરીબ કલ્યાણ મેળો સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરા તથા અન્ય મહાનુભવોની ઉપસથિતિમાં યોજાશે. મેળામાં આવાસ, બેંકેબલ અને સ્વરોજગાર, ખેતીવાડી, શહેરી ગરીબી, સામાજિક સુરક્ષા, માતૃ બાળ કલ્યાણ તથા અન્ય યોજનાકીય સહાયના હિંમતનગર તાલુકાના ૧૧૧૬ લાભ્માર્થિઓને રૂ. ૨૪૩.૪૨ લાખ સહાય અર્પણ કરવામાં આવશે.

હિંમતનગરના માર્કેટ યાર્ડ ખાતે, તા. ૨૧ સપ્ટેમ્બર ૨૦૧૪ સવારના ૧૦ કલાકે યોજાનાર ગરીબ કલ્યાણ મેળામાં સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજનાના ચેરમેન ગણેશભાઈ ચૌધરી, ગુડાના ચેરમેન અશોકભાઈ ભાવસાર, સાસંદ દિપસિંહ રાઠોડ, જિલ્લા પંચાયતના -મુખ મતી હેમલતાબેન પટેલ, હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા અતિથિ વિશેષ તથા કલેકટર બંછાનિધિ પાની અને જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન મુખ્ય મહેમાન પદે ઉપસથિત રહેશે, -ાંત અધિકારીની કચેરી, હિંમતનગર જણાવાયું છે.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસામાં વસતા મોઢ મોટી સમાજ દ્વારા છેલ્લા ૨૦ વર્ષથી ડીસાથી ભીનમાલ ક્ષેમકરી માતાનાં મંદિરે પગપાળા સંઘનું આયોજન કરવામાં આવે છે આ સંઘમાં ૨૦૦ વધુ યાત્રાળુ ભાઈ-બહેનો જોડાયા હતા. માતાજીનાં નવલાં નોરતાને હવે ગણત્રીનાં દિવસો બાકી રહ્યા છે. ત્યારે માતાજીનાં ભકતો દ્વારા માતાજીના ગરબા તેમજ પગપાળા સંઘોનું આયોજન કરતાં હોય છે. ત્યારે ડીસાનાં શકિત ચોકથી મોઢ મોટી સમાજના તથા અન્ય સમાજોના ભકતો ભેગા મળી છેલ્લા ૨૦ વર્ષથી ડીસાથી ભીનમાળ ક્ષેમકરી માતાનાં મંદિરે પગપાળા સંઘનું સુંદર આયોજન કર્યું હતું. આ સંઘમાં ૨૦૦ થી વધુ માઈ ભકતો વાજતે ગાજતે માતાજીના રથ સાથે પ્રસ્થાન કર્યું હતું. આ સંઘને ડીસાના માર્ગો પરથી પસાર થતા ઠેર-ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું.


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

માય ઓન હાઈસ્કુલ ખાતે વાલી સંમેલનનું આયોજન શાળાના મેનેજીંગ ટ્રસ્ટી જે. એમ. પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલ જેમાં મોટી સંખ્યામાં વાલીઓએ હાજરી આપી. -સંગની શરૂઆતમાં -ાર્થનાથી થઈ ત્યારબાદ વિધાર્થીઓ દ્વારા સ્વાગત ગીત તથા મહેમાનનોનું તિલક કરી સ્વાગત કરવામાં આવ્યું ત્યારબાદ શાળાના આચાર્ય ડૉ. ડી.એ. પટેલ દ્વારા શાળામાં વિવિધ -વૃતિઓને અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન શિક્ષક એ.જે. -જાપતિ કર્યુ હતું.

# ઉમરેઠની બી.ડી. પટેલ જનરલ હોસ્પિટલના ડૉકટરો તથા તમામ કર્મચારીઓ હડતાલ પર

ઉમરેઠ, તા. ૨૦

ઉમરેઠ પંથકની એક માત્ર રાહતદરે મેડીકલ સારવાર કરતી શ્રી સંતરામ મંદિર સંચાલીત બી.ડી. પટેલ જનરલ હોસ્પિટલનો વીસ વર્ષના લાંબાગાળા બાદ સંતરામ મંદિરના ગાદીપતિ ગણેશદાસજી મહારાજે હોસ્પિટલના ચેરમેન પદેથી રાજીનામુ ધરી દેતા આજે આ હોસ્પિટલમાં કાર્યરત ૬ ડૉક્ટર તથા ૩૦ જેટલા નાના મોટા તમામ કર્મચારીઓ હડતાલ ઉપર ઉતરી ગયા હતા. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ કેટલાક હિત શત્રુઓના આક્ષેપોથી કંટાળેલા મહારાજે આખરે ગતરોજ ઉમરેઠની બી.ડી. પટેલ જનરલ હોસ્પિટલના ચેરમેન પદેથી રાજીનામુ ધરી દીધુ હતુ. તેઓની સાથે અન્ય તમામ ટ્રસ્ટીઓએ પણ રાજીનામુ આપી દેતા આ હોસ્પિટલના ડૉ. તથા કર્મચારીઓની લાગણી દુબાઈ હતી તેઓ મહારાજશ્રીને ચેરમેન પદે ફરીથી પ્રસ્થાપિત થવા આજે સંતરામ મંદિર જઈ આજીજી કરી રહ્યા હતા. જો કે આ મહારાજે વધુ આર્થિક સદ્ધર ટ્રસ્ટ દ્વારા હોસ્પિટલ વધુ આધુનિક પદ્ધતિથી કાર્ય કરશે તેમ જણાવતા મહારાજ હવે કોઈ કાળે હોસ્પિટલનો કાર્યભાળ સંભાળવા માંગતા નથી તેવુ ફલીત થતાં દુઃખી થતા કર્મચારીઓ આજે એકાએક હડતાલ ઉપર ઉતરી જતાં દર્દીઓ મુંઝવણભરી પરિસ્થિતિમાં મુકાયા હતા.

આ અંગે ઉમરેઠ સંતરામ મંદિરના મહંત અને હોસ્પિટલના પૂર્વ ચેરમેન ગણેશદાસજી મહારાજે જણાવ્યું હતું કે સતત વીસ વર્ષ સુધી હોસ્પિટલને સંભાળી છે અને અદ્યતન સાધનોથી સજજ કરી છે. હવે આ હોસ્પિટલને નગરનું કોઈ ટ્રસ્ટ સંભાળે અથવા કોઈ અન્ય નામાંકિત ટ્રસ્ટ ગરીબોની વધુ સારવાર કરી શકશે એવુ હુ માનુ છુ.


(તસવીર : નિમેષ ગોસ્વામી, ઉમરેઠ)



## મોડાસાની પ્રાથમિક શાળા નં. ૧ ની બહાર ગંદકીનો ખડકલો

અરવલ્લી જિલ્લાની મોડાસા શહેરની મધ્યમાં આવેલી ગુજરાત સરકારની પ્રાથમિક શાળા નં. ૧ ની બહારની બાજુએ ગંદકીનો ખડકલો ઠેર ઠેર જોવા મળી રહ્યો છે. તેમજ શાળાને અડીને આવેલી મોડાસા નગરપાલિકા સંચાલિત મુતરડીની બહારતો જાણે બીમારીનો ગઢ હોય તેવા દ્દશ્યો જોવા મળે છે. શાળામાં ભણતા બાળકો માટે આ ગંદકીના કારણે ગંભીર બિમારી થવાની શક્યતાઓ નકારી શકાય તેમ નથી. રોડ ઉપરની બાજુએ કચરાના ઢગલાઓના ડુંગર જોવા મળી રહ્યા છે. છતાં મોડાસા નગરપાલિકા દ્વારા જાણે 'આંખ આડા કાન' કરવામાં આવતા હોય તેવું લાગી રહ્યું છે. અહીં નગરપાલિકા દ્વારા મુતરડી બનાવવામાં આવી છે. તેની યોગ્ય જાળવણી ન થતાં માથુ ફાડી નાખે તેવી દુર્ગંધ ફેલાવાના કારણે ત્યાંથી પસાર થનાર લોકોના હાલ બેહાલ થાય છે. શાળાની બહાર થયેલી ગંદકીના કારણે શાળાની અંદર ભણતા બાળકોને વાઈરલ ઈન્ફેકશન, હીપેટાઈટીસ, મલેરીયા તેમજ ડેન્ગ્યુ થવાનો ભય પેદા થાય છે. (તસવીર : જય અમીન, મોડાસા)

# મહેસાણા બાયપાસ હાઈવે પર ગોઝારા અકસ્માતમાં માતા-પુત્ર સહિત ત્રણના મોત

## હાઈવે પર ટ્રેક્ટરની હડફેટે કાર આવી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો : પાંચને ગંભીર ઈજાઓ

મહેસાણા, તા. ૨૦

મહેસાણાના બાયપાસ રોડ પર રાત્રીના સમયે ટ્રેક્ટર અને કાર વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક બાળક સહિત ત્રણ વ્યક્તિઓના કરૂણ મોત નીપજ્યા હતા. તેમજ પાંચ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થવા પામી હતી. ઈજાગ્રસ્તોને અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. મૃતકોમાં બાળકનું તેની માતા સહિત મોત નીપજતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

પાટણ જિલ્લાના આંબલિયાસણ ગામના ઠાકોર પરિવારની એક પરિણીતાના પિયર કડી તાલુકાના બલાસર ગામે ભજન-કિર્તનનો કાર્યક્રમ હોઈ પરિવારના આઠ જેટલા સભ્યો એક મોટરકારમાં બેસીને જઈ રહ્યા હતા. આ દરમ્યાન માર્ગમાં મહેસાણા બાયપાસ હાઈવે પર રાતના સાડા નવ વાગ્યાના સુમારે એક ટ્રેક્ટરે કારને ટક્કર મારતા કાર ખેંચાઈને પલટી ખાઈ ગઈ હતી.

આ અકસ્માતમાં એક બાળક સહિત બે વ્યક્તિઓના ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે પાંચ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ સારવાર દરમ્યાન એક મહિલાનું મોત થતાં કુલ મૃત્યુંઆંક ત્રણ પર પહોંચ્યો હતો. આ દરમ્યાન એક નાની બાળકી સહિત તમામ પાંચ વ્યક્તિઓની ઈજાઓ ગંભીર હોવાથી સઘન સારવાર અર્થે અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવાની ફરજ પડી હતી.

આ અકસ્માતમાં માર્યા ગયેલાઓમાં જીગુલજી સુરેશજી ઠાકોર ઉં.વ.૭, રમીલાબેન સુરેશજી ઠાકોર ઉં.વ. ૩૦ અને વિનુજી ફલાજી ઠાકોર ઉં.વ. ૨૭ તમામ રહે. આંબલિયાસણ જિ. પાટણનો સમાવેશ થાય છે. આ ગોજારા અકસ્માતમાં માતા-પુત્ર સહિત ત્રણના મોત નીપજતા તેમના પરિવાર અને આંબલિયાસણ ગામમાં ભારે શોકની લાગણી ફેલાઈ ગઈ છે. આ અકસ્માત અંગે મહેસાણા તાલુકા પોલીસે ટ્રેક્ટર ચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ઊંઝા શહેરમાં તસ્કર ટોળકી સક્રિય

ઊંઝા, તા. ૨૦

ઊંઝા શહેરમાં પોલીસની નિષ્ક્રિયતાને કારણે છેલ્લા કેટલાયે વખતથી કોઈ વાહનચોર ટોળકી સક્રિય બનતાં અવારનવાર વાહનોની ચોરીઓના કિસ્સાઓ બની રહ્યા છે. હવે તસ્કરોની હિંમત એટલી વધી ગઈ છે કે, વેપાર ધંધાથી ધમધમતા માર્કેટયાર્ડમાંથી વેપારીઓના દ્વિચક્રી વાહનોની ઉઠાંતરીના બનાવો વધવા માંડ્યા છે.

ઊંઝામાં રહેતા ઉપેન્દ્રકુમાર લક્ષ્મણભાઈ પટેલે સ્થાનિક માર્કેટયાર્ડમાં એક દુકાનની આગળ સવારના સમયે પોતાનું મોટરસાયકલ પાર્ક કર્યું હતું. તે રૂપિયા ૧૭,૦૦૦ ની કિંમતની મત્તાના મોટરસાયકલની ધોળા દિવસે કોઈ તસ્કરો ઉઠાંતરી કરીને ક્યાંક પલાયન થઈ ગયા હતા.

આ બનાવ અંગે ઊંઝા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મહેસાણા પ્રાન્ત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો

મહેસાણા, તા. ૨૦

મહેસાણા જિલ્લામાં મહેસાણા પ્રાન્ત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો માર્ગ અને મકાન મંત્રી નિતીનભાઈ પટેલ અને રાજ્ય આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. મહેસાણા પ્રાન્ત કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં મહેસાણા ગ્રામ્યના ૧૪૩૮ લાભાર્થીઓને ૮૩.૩૭ લાખ, શહેર કક્ષાના ૪૩૮ લાભાર્થીઓને ૨૮.૫૭ લાખ, ઉંઝા ગ્રામ્ય કક્ષાના ૪૮૩ લાભાર્થીઓને ૧૬૭.૨૩ લાખ, શહેર કક્ષાના ૧૦૩ લાભાર્થીઓને ૪.૬૬ લાખની સહાય મળી કુલ ૨૪૬૨ લાભાર્થીઓને ૨૮૩.૮૩ લાખની સહાય આપવામાં આવી હતી.

ગરીબ કલ્યાણ મેળામાં ઉપસ્થિત માર્ગ અને મકાન, આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રીએ શરૂ કરેલ ગરીબ કલ્યાણ મેળા થકી લાભાર્થીઓના જીવનમાં પરિવર્તન આવ્યું છે. ગરીબ કલ્યાણ મેળાથી રાજયના વિવિધ વર્ગોના લાભાર્થીઓને લાભ મળતો થયો છે. ભારતીય અને હિન્દુ સંસ્કૃતિમાં ગરીબને દરિદ્ર નારાયણ કહ્યો છે અને રાજ્ય સરકાર દરિન્દ્ર નારાયણની સેવામાં સમર્પિત છે.

મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજયમાં છેલ્લા છ તબક્કાના યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં ૮૦ લાખ લાભાર્થીઓને ૧૨ હજાર કરોડ રૂપિયાની સહાય અપાઈ છે. આ ઉપરાંત જનધન યોજનાની માહિતી આપતાં જણાવ્યું હતું કે, આ યોજના દ્વારા શુન્ય બેલેન્સથી ખાતું ખુલશે તેમજ અકસ્માત સમયે રૂપિયા ૧ લાખ અને ૩૦ હજાર રૂપિયાનો મેડીક્લેઈમ મળવાનો છે. મહેસાણા જિલ્લામાં ૯૪ ટકા ઘરો બેન્ક એકાઉન્ટ ધરાવે છે. આગામી ૨૬ જાન્યુઆરી સુધીમાં તમામ બેન્ક એકાઉન્ટ ખોલવા અપીલ કરી હતી.

મંત્રીએ યોજના અંતર્ગત જણાવ્યું હતું કે, આ યોજનાનો વ્યાપ વધારતાં વાર્ષિક ૧ લાખ ૨૦હજારની આવક ધરાવતા પરિવારોને નાયબ મામલતદારના આવકના દાખલો રજુ કર્યે તેને કિયોસ્કમાંથી આ કાર્ડ કાઢી આપવામાં આવે છે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે આરોગ્ય રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ગરીબ મહિલા, શોષીત અને પીડીતોને બેઠો કરવા સરકાર સતત પ્રયત્ન કરી રહી છે. ગરીબોના મુશ્કેલીના સમયમાં રાજ્ય સરકાર બેઠી છે તેવો અહેસાસ આ સરકારમાં થઈ રહ્યો છે. આનંદીબહેન પટેલની અધ્યક્ષતામાં સરકાર વિકાસની ગતિએ તેજ આગળ વધી રહી છે. રાજ્ય સરકારે માનવીનું સ્વમાન અને સ્વાભિમાન ઉભું કરવાનું કામ ગરીબ કલ્યાણ મેળા થકી કર્યું છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦